INDIAN NATIONAL CONGRESS

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૨-૦૬-૨૦૨૬

# ખેડૂત બોલે એક જ વાણી
# ૨૬મી જુને વ્રજવાણી

- **ગુજરાતના ખેડૂતોને ન્યાય મળે ત્યાં સુધી લડત આપતા રહીશું : પદયાત્રાની જાહેરાત કરતા કિસાન કોંગ્રેસ**
- **ગુજરાતના ખેડૂતોને ન્યાય મળેતે માટે કિસાન કોંગ્રેસના નેતૃત્વમાં ૨૬મી જૂન થી કચ્છ-વ્રજવાણી થી શરૂ થશે યાત્રા**
- **ખેડૂતોના મુદ્દાઓ સાથે દેવભૂમિ દ્વારકા ખાતે યોજાશે ખેડૂત મહાસભા.**
- **ખેડૂત-ખેતી-ગામડું બચાવવા કિસાન કોંગ્રેસ આપશે લડત.**
- **ગુજરાતમાં દોઢ લાખ નવા થાંભલા નંખાવા થી ૩૮ લાખ વીઘાથી વધુ જમીન જોખમમાં : શ્રી લાલજીભાઈ દેસાઈ**
- **ખેડૂતોના હક્ક માટે કોંગ્રેસ ૨૬ જૂન થી વ્રજવાણી-કચ્છ થી દ્વારકા સુધી કિસાન અધિકાર યાત્રા પાર્ટ-૨ નો પ્રારંભ થશે.**
- **જે સરકાર રામ અને ધર્મના નામે સત્તા પર આવી છે, તે દિવસ-રાત રામનું નામ લેતા સુદામા જેવા ગરીબ ખેડૂતોની વેદના સાંભળતી નથી : શ્રી જયેશભાઈ પટેલ**
- **ભગવાનને ધજાચડાવી આ બહેરી-આંધળી સરકારને સદબુદ્ધી આપવા માટે ગુહાર લગાવશે : કિસાન કોંગ્રેસ**
- **કચ્છ-જામનગર લાઈનમાં માત્ર ૩૦ ખેડૂતો અસરગ્રસ્ત થાય તેવો રણ-દરિયાઈ રૂટ હોવા છતાં સરકાર જાણી જોઈને ૩૦૦૦ ખેડૂતોની ફળદ્રુપ જમીનમાંથી લાઈન પસાર કરે છે : શ્રી પાલભાઈ આંબલીયા**

ખેડૂત અધિકાર ટ્રેક્ટર યાત્રાની ઐતહાસિક સફળતા બાદ પદયાત્રા-આંદોલન પાર્ટ-૨ ની જાહેરાત કરતા કિસાન કોંગ્રેસના નેતાશ્રી પાલભાઈ આંબલીયા અને મહેશ રાજકોટીયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ખેડૂત અને ગામડું કાયમી એક સિક્કા ની બે બાજુ છે. જ્યારે કોંગ્રેસે આંદોલન કર્યા તે રાજકારણ નહીં રાજનીતિ માટે કર્યા છે, વીજ લાઇન ના પ્રશ્નો ને લઈ ૨૦૧૭ માં રાજ્ય સરકારે પહેલો પત્ર કર્યો, જંત્રી ના ૭.૫૦% આપવાનો પરિપત્ર થયો ત્યારે થી સરકાર સામે લડ્યા અને ૭.૫૦% થી ૨૫% થયા ત્યાર સુધી લડ્યા છીએ. ૨૦૧૩ ના જમીન સંપાદન ના કાયદા મુજબ માર્કેટ ભાવના ૪ ગણા ભાવ મળવા જોઈએ તે આંદોલન પણ કોંગ્રેસ પક્ષે કર્યું. ૧૪ જિલ્લામાં ખેડૂતો ને નોટિસ મળી અને ૬ જિલ્લા માં વીજ કંપનીઓ એ કામ શરૂ કરતા ફરી સરકાર સામે લડવા માટે ગાંધીનગર જવા નિકળ્યા હતા. કોઈ એ હવન માં હાડકા નાખવાનું કામ કર્યું, અમે એમાં નથી પડતા પણ અમે લડત ચાલુ રાખીશું. ૨૦૧૩ જમીન સંપાદન કાયદા માં મુજબ બજાર ભાવ ના ચાર ગણા નહી આપે, માસિક વીજ પોલદીઠ ભાડું ૫૦૦૦૦ નહી આપે, વન ટાઈમ સેટલમેન્ટ પોલદિઠ ૨ કરોડ ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહશે. આવતી ૨૬ જૂન, કચ્છના વ્રજવાણી થી શરૂ કરી દ્વારકાધીશ ને ફરિયાદ કરવા જઈશું. સરકાર ને સદબુદ્ધિ આપે તે માટે દ્વારકાધીશ દેવભૂમિ દ્વારકાને ધ્વજા અર્પણ કરીશું. ગુજરાત કિસાન કોંગ્રેસ આ કાર્યક્રમ કરશે.

વ્રજવાણી-કચ્છ નું મોવાણા ગામ છે, ૧૨૦૦ કેવી નું સબ સ્ટેશન બનેલું છે, અત્યારે જે લાઇન નીકળે છે તે લાકડિયા, સામખિયાળ થઈ માળીયા આવે છે, ફળદ્રુપ જમીનો માં વીજ લાઇન નાખવામાં આવે છે. વૈકલ્પિક રૂટ રણ વિસ્તાર ના છે છતાં સરકારે ત્યાં વીજ લાઇન નાંખવી નથી.

એવી જ રીતે રીલાયન્સની 765 kv અને 800 kvની બે વીજલાઈન માળીયા નાની બરાર કેશીયા થઈ બાલપુર જાય છે જે સંપૂર્ણ ફળદ્રુપ જમીનમાંથી પસાર થાય છે તેની જગ્યાએ માળીયાથી નવલખી થઈ જોડીયા થઈ દરીયા કિનારેથી સિક્કા સુધી બિન ઉપજાઉ જમીનમાંથી બે લાઈન પસાર કરી શકાય છે તેનો વૈકલ્પિક રૂટ જામનગર, કચ્છ અને મોરબી કલેક્ટરને છ મહિના પહેલા જ આપેલ છે.

માત્ર સિક્કા ગામ પાસે ૧૦ થી ૧૫ ખેડૂતો ને નુકસાન થાય છે, જામનગર કલેક્ટર ને આ રૂટ બે મહિના પહેલા આપેલો છે, રૂટ બદલવા રજુઆત કરી હતી. ખેડૂતો ના ખેતર બરબાદ કરવામાં સરકાર ને શા માટે રસ છે ?

ખેડૂત અધિકાર ટ્રેક્ટર યાત્રાની ઐતહાસિક લડત બાદ આંદોલન પાર્ટ-૨ અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતાં સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કિસાન યાત્રા પાર્ટ-૨ યોજવામાં આવશે, પદ યાત્રા કરી ને દ્વારકાધીશ ને ધ્વજા અર્પણ કરી સરકાર ને બુદ્ધિ આપે ભગવાન ને પ્રાર્થના કરીશું. ૧૦૦થી વધુ લાઇન નીકળી રહી છે, ૧ થી ૨ ગીગા વોટ વીજળી પસાર થશે. ૧૩૦ ગીગા વોટ વીજળી પસાર કેટલી લાઇન ની જરૂર પડે, ૧૦૦ થી વધુ વીજ લાઇન એટલે, ૫૦૦ કિમી સુધી લાઇન લઈ જવી પડે, ૧.૫૦ લાખ વીજ થાંભલા ખેતરો માં નાખવામાં આવશે, ૫૦૦ કિમી લાંબી ૧૦૦ લાઇન માં ૧ કિમી માટે ૭૭ વિઘા જમીન ને અસર થશે, કચ્છ સહિતના ખેડૂત ની લડાઈ સમગ્ર ગુજરાત ના ખેડૂતો માટે ની લડાઈ છે, જ્યાં સુધી ખેડૂતો ને ન્યાય ના મળે ત્યાં સુધી કોંગ્રેસ પાછીપાની નહીં કરે.

ખેડૂત અધિકાર ટ્રેક્ટર રેલીની ઐતહાસિક સફળતા બાદ કિસાન યાત્રા અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષશ્રી જયેશ પટેલે જણાવ્યું હતું કે, દ્વારકાધીશ ને અમે પગ હાથ જોડી સરકાર ને સદબુદ્ધિ આવે તે અંગે વિનંતી લઈ ને કિસાનના ન્યાય માટે પદયાત્રા સ્વરૂપે જઈશું. ગુજરાત ની જરૂરિયાત થી વધુ અનેક ગણી વીજળી ઉત્પન્ન થવાની છે. ગુજરાત બહાર વીજળી જવાની છે, ૮૫ થી ૧૦૦ લાઇન ખેતરો માંથી પસાર થશે, ગુજરાત ના તમામ ગામડા માં આ કાયદા થી માહિતગાર કરવા એ અમારી કામગીરી છે, જેટલા ગામો માંથી યાત્રા પસાર થશે તે ગામોમાં માહિતી સાથે વીજ લાઇન થાંભલા થી ખેડૂતોને થનારા નુકસાન અંગે ચર્ચા થશે. દ્વારકા માં મોટા સંમેલન બાદ ભગવાન દ્વારકાધિશને ધ્વજાનું અર્પણ કરી યાત્રાનું અલ્પવિરામ થશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા